# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-02-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## P.M. વિકાસનું મોડલ રાષ્ટ્ર પ્રથમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમની સરકાર માટે વિકાસનું મોડલ 'રાષ્ટ્ર પ્રથમ' છે, જે તૃષ્ટિકરણ નહીં પણ સંતોષ પર ભાર મૂકે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદનાં બંને ગૃહોનાં સંયુક્ત સત્રને કરેલા સંબોધન પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપતા શ્રી મોદીએ રાજ્યસભામાં જણાવ્યું કે, દેશની જનતાએ તેમની સરકારને સમર્થન આપ્યું છે.

તેમણે જણાવ્યું કે અમારી સરકારે કૌશલ્ય વિકાસ, નાણાકીય સર્વસમાવેશિતા અને ઔદ્યોગિકીકરણને પ્રાથમિકતા આપી છે.

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, તેમની સરકારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં હિતોનું રક્ષણ કરવા તેમની તરફેણમાં કાયદા મજબૂત કર્યા છે. શ્રી મોદીએ દિવ્યાંગોનં કલ્યાણ માટે સરકારે કરેલા પ્રયત્નોનો પણ ઉલ્લેખ કર્યો હતો.

---------------------------------------------------------------------------------

## અમેરિકાથી પરત રાજ્યના 33 નાગરિકોને ઘેર પહોંચાડાયા

અમેરિકાથી પરત આવેલા રાજ્યના તમામ ૩૩ નાગરિકોને અમદાવાદ વિમાની મથકેથી પોલીસની સુરક્ષા સાથે ઘરે પહોંચાડવામાં આવ્યા છે.

૩૩ નાગરિકોના રહેણાકની વિગતોના આધારે, સંબંધિત જિલ્લાની પોલીસ દ્વારા એક નોડલ અધિકારીની નિમણુક કરી, તમામ નાગરિકોને સરકારી વાહન દ્વારા સુરક્ષિત રીતે તેમના ઘરે પહોંચાડવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અમેરિકાથી પરત મોકલવામાં આવેલા નાગરિકો અંગેની ઘટનાને ગંભીરતાથી લઈને દેશનિકાલ કરાયેલા રાજ્યના નાગરિકોની સુરક્ષા અને જરૂરી સંકલન માટે સિનિયર અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી આજે કુંભ મેળાની મુલાકાતે

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પ્રયાગરાજમાં યોજાઇ રહેલા મહાકુંભમાં આજે બપોરે ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કરશે. આ પૂર્વે બડે હનુમાનજી મંદિરના દર્શન-પૂજન કરશે. તેઓ રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા પ્રયાગરાજમાં ઉભા કરવામાં આવેલા ગુજરાત પેવેલિયનની મુલાકાત લેશે અને સાંજે ગાંધીનગર પરત ફરશે.

---------------------------------------------------------------------------------------------------

## બોર્ડ પરીક્ષાના સંચાલનની વિગતો બોર્ડની વેબસાઇટ પર મુકાઇ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધોરણ 10 અને 12ની મુખ્ય પરીક્ષા 27મી ફેબ્રુઆરીથી શરૂ થશે. આ પરીક્ષાના સંચાલન માટે ઝોન મુજબ પરીક્ષા કેન્દ્ર, કેન્દ્રવાર પરીક્ષાર્થીઓ, બ્લોક બિલ્ડીંગની સંખ્યા, વિષયવાર નોંધાયેલા પરીક્ષાર્થીઓ વગેરેની માહિતી અને જિલ્લા કક્ષાની કામગીરીની વિગતો ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેના માટે બોર્ડ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જે બોર્ડની વેબસાઇટ **www.gseb.org** પર પ્રસિદ્ધ કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------------

## રાજ્યમાં 607 આંગણવાડી કેન્દ્રો નંદઘરની જાહેરાત

મહિલા અને બાળ કલ્યાણમંત્રી ભાનુબેન બાબરિયાએ લાઇટ ગેજ સ્ટીલ ફ્રેમ જેવી અદ્યતન ટેક્નોલોજીના માધ્યમથી રાજ્યમાં 607 જેટલા આંગણવાડી કેન્દ્રો અને નંદઘર બનાવવાની જાહેરાત કરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ અદ્યતન ટેક્નોલોજીથી ભૂકંપ, ભેજ, આગ જેવી વિવિધ પરિસ્થિતિનો સામનો કરી શકે તેવા નંદઘરો માત્ર 60 દિવસમાં તૈયાર થશે.

રાજ્યના દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં આ ટેક્નોલોજીનો વપરાશ કરી વધુ ઝડપથી અને ગુણવત્તાયુક્ત આંગણવાડી કેન્દ્રનું નિર્માણ સરળતાથી થઇ શકશે. આંગણવાડીમાં તમામ માળખાકીય સુવિધા જેવી કે શૌચાલય, પીવાનું પાણી, મોડ્યુલર ફર્નિચર, વોટર પ્યુરીફાયર, એલ.ઇ.ડી. ટીવી, હેલ્થ ચેકીંગ બેડ, ટેબલ ખુરશી વગેરે અદ્યતન સંશાધનોનો સમાવેશ કરાયો છે.

---------------------------------------------------------------------------------------------

## ‘કાગ એવોર્ડ’ માટે ઝરપરાના ચારણ કવિની પસંદગી કરાઇ

લોકસાહિત્ય-ચારણી સાહિત્યમાં પ્રદાન બદલ પ્રખર રામાયણી પૂ. મોરારી બાપુ પ્રેરિત `કાગ એવોર્ડ' ગુજરાતી ડાયરાના લોક કલાકારો, ચારણી સાહિત્યના વિદ્વાનો અને સાહિત્ય ક્ષેત્રે સંશોધન માટે કુલ પાંચ એવોર્ડ આપવામાં આવે છે, ત્યારે ચાલુ વર્ષ સાહિત્ય ક્ષેત્રે 18 જેટલાં પુસ્તક લખ્યાં છે એવા ઝરપરાના ચારણ કવિ આશાનંદ શૂરાભાઇ ગઢવીને આ પુરસ્કાર જાહેર થયો છે. અગાઉ પણ રાજ્યકક્ષાનો સંસ્કૃતિક સંવર્ધક એવોર્ડ તેમને મળી ચૂક્યો છે. આગામી 3જી માર્ચે રાજુલા ખાતે યોજાનારા કાર્યક્રમમાં પૂ. બાપુના હસ્તે આ એવોર્ડ અર્પણ કરાશે.

---------------------------------------------------------------------------------------------

## ગીરમાં સિંહો માટે ઉપલબ્ધ પ્રાણીઓની સંખ્યામાં વધારો

ગીરમાં એશિયાટિક સિંહોને શિકાર માટે ઉપલબ્ધ પ્રાણીઓની સંખ્યામાં છેલ્લા પાંચ વર્ષમાં 37 ટકાનો વધારો થયો છે. સિંહને શિકાર કરવા માટે ઉપલબ્ધ પ્રાણીઓની અંદાજિત સંખ્યા 2019માં 1 લાખ 55 હજાર 659 થી વધીને 2024માં 2 લાખ 13 હજાર 391 થઈ છે.

કેન્દ્રીય પર્યાવરણ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે ગઇકાલે રાજ્યસભામાં પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## <u>ક્રિકેટ</u>

ભારતે પહેલી વન-ડેમાં ઇંગ્લેન્ડને 4 વિકેટે હરાવ્યું છે. નાગપુરના **VCA** સ્ટેડિયમમાં ઇંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને 47.5 ઓવરમાં 248 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. તેની સામે ભારતે 38.4 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધો હતો. બીજી વન-ડે 9 ફેબ્રુઆરીએ કટકના બારાબાતી સ્ટેડિયમ ખાતે રમાશે.

---------------------------------------------------------------------------------------------